પાકિસ્તાનમાં વિસ્ફોટો વચ્ચે ભારે મતદાન

લાહોર,તા. ૧૧

પાકિસ્તાનમાં શ્રેણીબદ્ધ બોમ્બ બ્લાસ્ટ અને વ્યાપક રક્તપાત વચ્ચે આજે ઐતિહાસિક ચૂંટણી યોજાઈ હતી. ચારથી વધુ જગ્યાએ બોંબ બ્લાસ્ટમાં ૧૭થી વધુ લોકોના મોત થયા હતા અને ૪૦થી વધારે લોકો ઘાયલ થયા હતા. લાંબા સમય સુધી લશ્કરી શાસન હેઠળ રહેલા અને છેલ્લા ઘણા વર્ષોથી આતંકવાદી સંકંજામાં રહેલા પાકિસ્તાનમાં લોકો આજે સવારે તેમના મતાધિકારનો ઉપયોગ કરવા માટે નિકળ્યા હતા. તમામ જગ્યાએ શરૂઆતથી જ મતદારોની લાંબી લાઈનો જોવા મળી હતી. કેટલીક જગ્યાએ હિંસાની દહેશતના કારણે ઓછી સંખ્યામાં મતદારો બહાર નિકળ્યા હતા. આગામી લોકશાહી સરકાર ચૂંટી કાઢવા મતદાન કરવા માટે લોકો ઉત્સુક હતા. નેશનલ એસેમ્બલીની સાથે પાકિસ્તાનના ચાર પ્રાંતોની એસેમ્બલી માટે પણ મતદાન યોજાયું હતું. મતદાનને લઈને પહેલાથી જ સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી હતી. આ વર્ષે માર્ચ મહિનામાં પાકિસ્તાન પીપલ્સ પાર્ટીના નેતૃત્વમાં સરકારે પાંચ વર્ષ પૂરા કરી દીધા હતા અને ૧૧મી મેના દિવસે ચૂંટણી યોજવાની જાહેરાત કરી હતી. પાકિસ્તાન સંસદના નીચલા ગૃહ નેશનલ એસેમ્બલીમાં કુલ ૩૪૨ સભ્યો છે પરંતુ બંધારણ મુજબ ૨૭૨ બેઠક માટે પ્રત્યક્ષ ચૂંટણી યોજાઈ હતી. ૬૦ બેઠકો મહિલાઓ અને ૧૦ બેઠકો લઘુમતીઓ માટે અનામત રાખવામાં આવી હતી. સરકાર બનાવવા માટે કોઈપણ રાજકીય પક્ષ અથવા ગઠબંધનને ૧૭૨ સીટની જરૂર પડે છે.

આ વખતની ચૂંટણીમાં પાકિસ્તાન મુસ્લિમ લીગ, પાકિસ્તાન પીપલ્સ પાર્ટી તથા પાકિસ્તાન તહરીક એ ઈંસાફ વચ્ચે મુખ્ય સ્પર્ધા છે.તમામ પાર્ટીના ઉમેદવારોના ભાવિ મતદાન બાદ સીલ થઈ ગયા હતા. આજની ચૂંટણીને લઈને તંત્ર દ્વારા તમામ તૈયારીઓ કરી લેવામાં આવી હતી. આજે યોજાયેલા મતદાન પહેલા જ પાકિસ્તાનમાં ચૂંટણી પહેલાની વ્યાપક હિંસામાં ૮૦થી વધુ લોકોના મોત થઈ ચૂક્યા છે. સોમવારના દિવસે જ પેશાવરમાં એક રાજકીય રેલીમાં આત્મઘાતી હુમલો કરાયો હતો જેમાં ૧૪ લોકોના મોત થયા હતા. જાણકાર નિષ્ણાંતોનું કહેવું છે કે આ વખતની ચૂંટણી ઐતિહાસિક બની શકે છે. છેલ્લા છ સપ્તાહના ગાળામાં પ્રચાર દરમિયાન વ્યાપક હિંસા થઈ હતી. ચૂંટણી પહેલા કરવામાં આવેલા સર્વે સંકેત આપી રહ્યા છે કે બે વખતના ભૂતપૂર્વ વડાપ્રધાન નવાઝ શરીફની પાકિસ્તાન મુસ્લિમ લીગ (પીએમએલ) પાર્ટીને બહુમતી બેઠકો મળી શકે છે. જ્યારે ગઈ ચૂંટણી વેળા બેનેઝીર ભુટ્ટોની હત્યા બાદ સહાનુભૂતિના મોજાના કારણે સત્તામાં આવનાર પ્રમુખ આશિફ અલી ઝરદારીની શાસક પાકિસ્તાન પીપલ્સ પાર્ટીને આ વખતે મોટો ફટકો પડી શકે છે. કારણ કે તેના ઉપર ભ્રષ્ટાચારનો આક્ષેપ થઈ રહ્યો છે. પરંતુ પાકિસ્તાન માટે નવી વિચારધારાનું વચન આપનાર સ્ટાર ક્રિકેટરમાંથી રાજકારણી બનેલા ઈમરાન ખાનની પાર્ટીને લઈને ચિત્ર અસ્પષ્ટ છે. ઘણા લોકો ઈમરાન ખાન સાથે પણ દેખાઈ રહ્યા છે. ઈમરાન ખાન સાથે અમે ઊભા છીએ. માત્ર એક ક્રિકેટર અને હેન્ડસમ પર્સનાલિટીના કારણે જ નહીં પરંતુ તેમની દુર્દશિતાના કારણે અમે તેમની પાસે છીએ. પાકિસ્તાનમાં મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરી આગામી પાંચ વર્ષ માટે તેમના પ્રતિનિધીઓની પસંદગી કરશે. પરિણામ આવ્યા બાદ તમામ ચિત્ર ચાર પાંચ દિવસમાં સ્પષ્ટ થાય તેવી શક્યતા છે. પાકિસ્તાનમાં સામાન્ય મતદાનની પ્રક્રિયા ચાલી રહી હતી ત્યારે ચારથી વધારે બ્લાસ્ટ થયા હતા. જેમાં ૧૫થી વધારે લોકોના મોત થઈ ગયા હતા અને ૪૦થી વધારે લોકો ઘાયલ થયા હતા જે પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી રહી છે. જેથી મોતનો આંકડો વધી શકે છે. પાકિસ્તાનમાં ફરી એકવાર ગઠબંધન સરકાર બનવાની સ્થિતી સર્જાઈ રહી છે. દેશમાં લોકશાહી સરકારની ચૂંટણી માટે આશરે ૪૬૭૧ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે. ઈમરાન ખાન, નવાઝ શરીફ અને આસિફ અલી ઝરદારીની પાર્ટી વચ્ચે જોરદાર ટક્કર જોવા મળી શકે છે જેથી કોઈને બહુમતિ મળે તેવી શક્યતા દેખાઈ રહી નથી. પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન શરીફની પાર્ટી પીએમએલ-એન સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી શકે છે. ધાર્મિક, રાષ્ટ્રવાદી અને કેટલાક અન્ય સંગઠનોને સાથે લાવવાની સ્થિતીમાં શરીફ ત્રીજી વખત દેશના વડાપ્રધાન બની શકે છે. પાકિસ્તાનમાં સાંજે પાંચ વાગે મતદાન થયા બાદ રવિવારે સવાર સુધી પ્રથમ પરિણામ મળી શકે છે.

કેબિનેટમાં ટૂંકમાં મોટા ફેરફાર થશે : અનેકના ખાતાં બદલાશે

નવી દિલ્હી,તા. ૧૧

વડાપ્રધાન મનમોહનસિંહના નેતૃત્વમાં યુપીએ સરકારના અનેક પ્રધાનો જુદા જુદા ભ્રષ્ટાચારોના કારણે રાજીનામું આપી ચૂક્યા છે. જેના પરિણામ સ્વરૂપે હવે ઘણા ખાતાઓ હાલમાં ખાલી થઈ ચૂક્યા છે. આ ખાતાઓની જવાબદારી વધારાના ખાતા ધરાવતાં પ્રધાનો સંભાળી રહ્યા છે આવી સ્થિતિમાં કેન્દ્રીય કેબિનેટની ફેર રચના પણ ટૂંક સમયમાં કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. ડેમેઝ કંટ્રોલ કવાયત કોંગ્રેસ દ્વારા કરવામાં આવી ચૂકી છે. એક પછી એક પ્રધાનો ભ્રષ્ટાચારમાં આવ્યા બાદ કોંગ્રેસ હવે પોતાની પ્રતિષ્ઠા અને છાપ સુધારવાની ઈચ્છા ધરાવે છે. લોકસભાની ચૂંટણી પણ ટૂંક સમયમાં યોજાનાર છે. ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં લઈને કોંગ્રેસ હવે ભ્રષ્ટાચારના મામલામાં સાવધાની રાખવા માગે છે. કેન્દ્રીય કેબિનેટમાં ફેરફારના ભણકારા હવે દેખાઈ રહ્યા છે. યુપીએ-૨ના ઘણા પ્રધાનોને

ભ્રષ્ટાચારના મામલાઓ બાદ રાજીનામું આપી દેવાની ફરજ પડી હતી જેમાં તુજ્જી કૌભાંડમાં ફસાયા બાદ ૧૫મી નવેમ્બર ૨૦૧૦ના દિવસે ડીએમકેના એ રાજાને રાજીનામું આપી દેવાની ફરજ પડી હતી. આ ઉપરાંત દયાનીધિ મારન, વિરભદ્ર સિંહ, પવનકુમાર બંસલ, અશ્વીની કુમારને પણ હવે રાજીનામા આપવાની ફરજ પડી છે. કર્ણાટકમાં ચૂંટણીમાં શાનદાર જીત મળ્યા બાદ કોંગ્રેસનો આત્મવિશ્વાસ વધ્યો છે. આવી સ્થિતિમાં તે ભ્રષ્ટાચારને રોકવા કેટલાક કઠોર પગલાં લેવા માગે છે. વડાપ્રધાન મનમોહનસિંહ ઉપર પણ ભ્રષ્ટાચારના આક્ષેપો થતા રહ્યા છે પરંતુ તેઓ રાજીનામાના મામલે મૌન પાડી રહ્યા છે. રસાયણ અને ખાતર જેવા મંત્રાલયોની ફાળવણી સાથે ટૂંક સમયમાં જ કેબીનેટની ફેર રચના કરવામાં આવી શકે છે. કેબીનેટની મોટાપાયે ફેર રચના વેળા ખાલી પડેલા ખાતાઓ અને જે પ્રધાનો વધારાની જવાબદારી સંભાળી રહ્યા છે તેમના પાસેથી વધારાની જવાબદારી લઈને અન્યોને સોંપવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે.

કોમળ સ્વરૂપ અને શક્તિનું આદર્શ ઉદાહરણ એટલે માતા

મુંબઈ, તા. ૧૧

દુનિયાનો સૌથી વધુ નિસ્વાર્થ સંબંધ માતા અને બાળકનો છે. માતાનું સ્વરૂપ જેટલુ શક્તિશાળી છે તેટલુ જ કોમળ છે. બંને પરસ્પર વિરોધાભાષી બાબતોનો સમન્વય માતા છે. માતામાં જ આ બંને બાબતો સાહજીક રીતે જોવા મળે છે. શક્ય છે કે જે વસ્તુ કે વ્યક્તિ શક્તિશાળી હોય તે કોમળ ન પણ હોય, પરંતુ માતામાં શક્તિ પણ છે અને કોમળતામાં પણ છે.

૧૨મી મેએ મધર્સ ડે તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસની ઉજવણી દુનિયાના દરેક ખુણામાં કરવામાં આવે છે. ઘણા દેશોમાં તો આ વિશેષ દિવસને ધ્યાનમાં રાખીને રજા જાહેર કરાયેલી છે.

કેટલાક વિદ્વાનોનો દાવો છે કે માં પ્રત્યે સન્માન વ્યક્ત કરવાનું કે માતાની પુજા કરવાનો રિવાજ ગ્રીસમાંથી શરૂ થયો હતો. કહેવાય છે કે સ્બેલે ગ્રીક દેવતાઓની માતા હતી. તેમના સન્માનમાં આ દિવસ ઉજવવામાં આવતો હતો. મધર્સ ડે તહેવારની જેમ ઉજવવાની પ્રથા હતી. એશિયા અને રોમમાં આ દિવસની ઉજવણી ૧૫મી માર્ચથી ૧૮મી માર્ચ સુધી કરવામાં આવે છે.

મધર્સ ડે ગ્રાફ્ટન વેસ્ટ વર્જિનીયામાં એના જોર્વિસ દ્વારા તમામ માતાઓને તેમના ગૌરવ યુક્ત માતૃત્વ માટે તથા ખાસ કરીને સન્માન આપવા માટે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. યુરોપ અને બ્રિટનમાં માતા પ્રત્યે સન્માન વ્યક્ત કરવાની અનેક પરંપરા પ્રચલિત છે. એક ખાસ રવિવારે એટલે કે મધર્સ ડે પર માતા અને માતૃત્વને સન્માનિત કરવામાં આવે છે. જેને મધરીંગ સન્ડે પણ કહેવાય છે. કેથોલિક કેલેન્ડર અનુસાર લેન્ટમાં ચોથા રવિવારે વર્જિન મેરીને સન્માનિત કરવા માટે મધર્સ ડે ઉજવવામાં આવે છે. પરંપરા અનુસાર આ દિવસે માતાને નાની મોટી ભેટ આપવામાં આવે છે.

સંજય દત્તને યરવાડા જેલમાં બાકીની સજા ભોગવવી પડશે

મુંબઈ,તા. ૧૧

અભિનેતા સંજય દત્તને કોઈપણ રાહત આપવાનો સુપ્રીમ કોર્ટે ઈન્કાર કરી દીધા બાદ હવે સંજય દત્તને જેલની સજા ભોગવવી પડશે. વિશ્વસનીય સૂત્રોએ માહિતી આપતા કહ્યું છે કે સંજય દત્તને પૂણેમાં આવેલી યરવાડા જેલમાં બાકીની સજા ભોગવવી પડશે. આ જેલમાં ૫૩ વર્ષીય સંજય દત્ત તેની બાકીની ૩૩ મહિનાની જેલની સજા ભોગવશે. મહારાષ્ટ્રના ધારાધોરણ મુજબ યરવાડા જેલમાં વધારે પડતાં કેદીઓની સંખ્યા નથી. અલબત્ત આ જેલમાં ઘણા કુખ્યાત કેદીઓ પણ રહેલા છે જેમાં જર્મન બેકરી બોમ્બ બ્લાસ્ટના અપરાધી હિમાયત મિરજા બેગનો સમાવેશ થાય છે. આ ઉપરાંત વર્ષ ૨૦૦૩ના મુંબઈના ટ્વીન બોમ્બ બ્લાસ્ટ કેસના અપરાધી અસરત અંસારી અને હનીફ સૈયદ, વર્ષ ૧૯૯૩ના અપરાધી યાકુન મેમન અને થાણે તથા વસી બોમ્બ બ્લાસ્ટ કેસમાં કેસરિયા ગ્રૂપ સાથે સંકળાયેલા અપરાધીઓનો સમાવેશ થાય છે. સંજય દત્ત અને તેના મિત્ર યુસુફ મોસીનને રાજકીય દબાણના કારણોસર કોલાપુર અથવા અન્ય કોઈપણ જેલમાં મોકલવામાં આવશે નહીં. સંજય દત્તને યરવાડાની જેલમાં રાખવામાં આવશે. જેલ સત્તાવારાઓએ ગયા મહિનામાં જ ૩૬ બ્લાસ્ટ કેસના અપરાધીઓને રાજ્યમાં જુદી જુદી જેલમાં શીફ્ટ કર્યા હતા. ૧૫ને નાસિક સેન્ટ્રલ જેલમાં મોકલવામાં આવ્યા હતા જ્યારે ૨૧ને કોલાપુર સેન્ટ્રલ જેલમાં મોકલી દેવાયા હતા. આ બંને જેલમાં કુખ્યાત કેદીઓ રહેલા છે.

સત્તાવારાઓએ ૧૮ અપરાધીઓને નાસિક જેલમાં ખસેડવાનો નિર્ણય કર્યો હતો પરંતુ ૧૫ને જ શીફ્ટ કરવામાં આવ્યા હતા. અભિનેતાને તળોજા ખાતે રહેવાની ફરજ પડી શકે છે જ્યાં ગેંગસ્ટર અને પૂર્વ ધારાસભ્ય અરુણ ગવળી સહિત ઘણા અપરાધીઓ છે. ગવળીને શિવસેનાના કોર્પોરેટરની હત્યા કરવા બદલ અપરાધી ઠેરવવામાં આવ્યો હતો. સંજય દત્તને જે કામગીરી સોંપવામાં આવનાર છે તેમાં કુરશી બનાવાની કામગીરી, ટેલરની કામગીરી અથવા તો કુકીંગની જવાબદારી સોંપવામાં આવી શકે છે.

સમય પસાર કરવાની બાબત ખૂબ જ મુશ્કેલરૂપ રહેશે. અપરાધીઓ મોટાભાગે કામમાં તેમને વ્યસ્ત રાખે છે. કઠોર સજા પામેલા અપરાધીઓને જેલમાં કામ કરવું પડે છે.

બંસલ સામે સમન્સ જારી કરવાનો નિર્ણય

નવી દિલ્હી,તા. ૧૧

રેલવે પ્રધાન તરીકે હકાલપટ્ટી કરવામાં આવેલા પવન કુમાર બંસલ માટે આગામી દિવસો હવે વધુ મુશ્કેલી ભરેલા હોઈ શકે છે. કારણ કે સીબીઆઈએ હવે પવન કુમાર બંસલ સામે સમન્સ જારી કરવાનો નિર્ણય કરી લીધો હોવાનું આંતરિક રીતે જાણવા મળી રહ્યું છે. જોબ ફોર સેલ કૌભાંડમાં તેમની સંડોવણી છે કે કેમ તેને લઈને બંસલની પૂછપરછ થઈ શકે છે. હજુ સુધી થયેલી તપાસમાં જાણવા મળી રહ્યું છે કે પંજાબના કપૂરથલા જિલ્લામાં દેશની સૌથી મોટી રેલવે કોચ ફેક્ટરી અને ચિત્તરંજન લોકોમોટીવ વર્કર્સ સહિત જુદા જુદા વિભાગોમાં રહેલી ઓછામાં ઓછી આઠ અતિ આકર્ષક જગ્યાઓ ઉપર બંસલના ભત્રીજાએ મોટી રકમ લઈને ગોઠવી દેવાની ઓફરો કરી હતી. બંસલના ભત્રીજા વિજય સિંઘલા અને સંદીપ ગોહિલ દ્વારા આ તમામ હોદ્દાઓ માટે વાતચીતનો સિલસિલો હાથ ધર્યો હતો. સિંઘલાએ બંસલના સત્તાવાર ફોનનો ઉપયોગ પણ કર્યો હતો. આઠ ટોચના હોદ્દાઓ પૈસા લઈને ભરી દેવા માટે સિંઘલાએ તૈયારી કરી હતી. પ્રાથમિક તપાસમાં આ મુજબની બાબત સપાટી ઉપર આવી ચૂકી છે. આવી સ્થિતિમાં બંસલની સ્થિતિ ખરાબ થઈ રહી છે. આગામી દિવસોમાં તેમને ઘણા પ્રશ્નોના જવાબ આપવા પડી શકે છે. સીબીઆઈના પ્રાથમિક અહેવાલમાં જણાવાયું છે કે સિંઘલા અને ગોહિલે કપૂરથલા રેલવે કોચ ફેક્ટરીમાં ચીફ ઈલેક્ટ્રીકલ એન્જિનીયર (સીઈઈ) તરીકે નરોત્તમ દાસની નિમણૂંક કરી દીધી હતી. દાસ નોર્થ વેસ્ટન રેલવેમાં સીઈઈ હતા. તેમની ૧૭મી ડિસેમ્બર ૨૦૧૨ના દિવસે બદલી કરવામાં આવી હતી. સિંઘલા અને દાસ વચ્ચે ૪થી ડિસેમ્બરે ૧૬ વખત ફોન થયા હતા. બંસલના ખાનગી સેક્રેટરી રાહુલ ભંડાળી અને દાસ વચ્ચે પણ ચાર વખત ફોન ઉપર વાત થઈ હતી. સૂત્રોએ કહ્યું છે કે ઘણી બધી બાબતો એવી છે કે બંસલને હવે કાયદાકીય સંકંજામાં લઈ શકે છે. સીબીઆઈ સૂત્રોનું કહેવું છે કે તેઓ ટૂંક સમયમાં જ બંસલને સીઆરપીસીની કલમ ૧૬૦ હેઠળ નોટિસ મોકલશે અને ગોહિલ, સિંઘલા અને રેલવે બોર્ડના સભ્ય મહેશ કુમાર સાથે તેમના કનેક્શન

અંગે પ્રશ્નો પૂછશે. સીબીઆઈએ પંજાબ, દિલ્હી અને મુંબઈમાં શંકાસ્પદ જગ્યાઓએ દરોડા પણ પાડી દીધા છે. એજન્સી સૂત્રોનું કહેવું છે કે સીબીઆઈ દરોડા અંગે અગાઉથી જાણ કરવામાં આવી હતી કે કેમ તેને લઈને પણ તપાસ ચાલી રહી છે. ફોન કોલની વિગતો પણ ભેગી કરવામાં આવી ચૂકી છે. બીજી બાજુ કુમાર, સિંઘલા અને અન્યો ઉપર બાજ નજર રાખવાના બે મહિનાના ગાળા દરમિયાન ૧૦૦૦ ફોન કોલને નોંધવામાં આવ્યા હતા. સીબીઆઈ સૂત્રોએ ઉમેર્યું છે કે આ કોલ કૌભાંડમાં ચાર ચાવીરૂપ લોકો કુમાર, સિંઘલા, મધ્યસ્થી મંજુનાથ અને સિંદીપ ગોહિલ વચ્ચે થયા હતા. કેટલાક ફોન કોલ બંસલના નિવાસ સ્થાને સત્તાવાર ફોન ઉપર પણ થયા હતા. ચકાસણી હેઠળ સિંઘલાના લોકેશન દર્શાવે છે કે તેઓ પ્રધાનના આવાસ ઉપર જ મોટાભાગે રહ્યા હતા. કેટલીક વખત રેલવે ભવનમાં હતા. પરિબળો તથા બેઠકો સીીઆઈ દ્વારા ચંદીગઢના સાંસદની ચકાસણી દરમિયાન સપાટી ઉપર આવી શકે છે.

મિઝોરમમાં ભેખડો ધસી પડતા ૮ના મોત

ઐઝવાલ,તા. ૧૧

મિઝોરમની રાજધાની ઐઝવાલમાં આજે ભારે વરસાદના કારણે ભેખડો ધસી પડતા આઠ લોકોના મોત થયા હતા અને અન્ય ૨૫ લોકો ઘાયલ થયા હતા. આ ઉપરાંત ૧૧ લોકો લાપતા થઈ ગયા હતા. રાહત કાર્ય પર દેખરેખ રાખતા પોલીસ અધિકારી લાલિયનમાવિયાએ જણાવ્યુ હતુ કે આજે સવારે લાઈપુઈતલેન્ડ વિસ્તારમાં ભેખડ ધસી પડતા એક મકાન તૂટી પડ્યુ હતુ તેના કાટમાળ નીચે દબાઈ જવાથી આઠ વ્યક્તિના ઘટનાસ્થળે મોત થઈ ગયા હતા. ભેખડ ધસી પડતા ૧૧ લોકો લાપતા થયા છે અને અન્ય સંખ્યાબંધ લોકો ઘાયલ થયા છે. રાહત અને બચાવનું કાર્ય હજુ પણ ચાલુ છે.

સ્વયંસેવકો અને પોલીસના જવાનો કાટમાળની નીચેથી જીવતા દટાયેલા લોકો અને મૃત્યુપામેલા લોકોની શોધખોળ કરી રહ્યા છે. તેમણે વધુમાં જણાવ્યું હતુ કે હજુ સુધી ૮ લોકોના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા છે. હજુ પણ મૃતકોની સંખ્યામાં વધારો થવાની શક્યતા છે. અત્રે ઉલ્લખનીય છે કે ઐઝવાલમાં ભારે વરસાદ અને તોફાનના કારણે ભેખડો ધસી પડી હતી. માર્યા ગયેલા અને લાપતા થયેલા લોકો ઉપરાંત ઓછામાં ઓછા ૨૫ લોકો ઈજાગ્રસ્ત બન્યા હતા. જેમને અત્રેની સિવિલ હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી હતી.

લડાકૂ વિમાન મિગ-૨૯નો નૌસેનામાં સમાવેશ કરાયો

રક્ષામંત્રી એ.કે. એંટનીએ શનિવારે અહીં લડાકૂ વિમાન મિગ-૨૯ના બ્લેક પેંથર સ્કવાડ્રનને નૌસેનામાં સામેલ કર્યું છે.

આ કાર્યક્રમનું આયોજન આઈએનએસ હંસ પર કરવામાં આવ્યું હતું. ભારતીય નૌસેનાના લડાકૂ વિમાન સ્કવોડ્રનોની સાથે બ્લેક પેંથર સકવાડ્રનનો આધાર હશે. સ્કવાડ્રનમાં શરૂઆતમાં ૧૬ લડાકૂ વિમાન હશે જેને આઈએએનએસ ૩૦૩ના નામથી ઓળખવામાં આવશે. આધુનિક યુગમાં લડાકૂ વિમાનને ફેબ્રુઆરી-૨૦૧૦થી ભારતીય નૌસેનામાં સામેલ કરાયા હતા. ત્યારબાદ તેની વાસ્તવિક રીતે સામેલ કરતા પહેલા તેનું પરિક્ષણ કરાયુ હતું.

નૌસેનાના અધિકારીઓએ જણાવ્યું કે, મિગ-૨૯ અત્યંત શક્તિશાળી લડાકૂ વિમાન છે અને તે એકવાર આઈએનએસ વિક્રમાદિત્ય સાથે જોડાવવાથી નૌસેનાની ક્ષમતા અનેકગણી વધી જશે. આ વિમાન આધુનિક વિમાનભેદી અને પોતભેદી મિસાઈલ, યોગ્ય નિશાન સાધવાવાળા બોંબ અને અત્યાધુનિક પ્રણાલી સાથે હથિયારોના ભંડોરથી સજ્જ હશે. વિમાનવાહક પોતે આઈએનએસ વિક્રમાદિત્યને આ વર્ષના અંત સુધીમાં સામેલ કરવાની આશા છે.

સિબ્બલને કાયદા, જોષીને રેલવેનો વધારાનો હવાલો

અશ્વિની કુમાર અને પવનકુમાર બંસલના રાજીનામાના પગલે ટેલિકોમ મંત્રી કપિલ સિબ્બલને કાયદામંત્રીનો અને માર્ગ પરિવહન મંત્રી સીપી જોષીને રેલવેમંત્રીનો વધારાનો હવાલો આપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

લાંચ લેવાનો અને કોલગેટ કૌભાંડમાં સીબીઆઈની તપાસમાં હસ્તક્ષેપ કરવાનો આક્ષેપના પગલે પવનકુમાર બંસલ અને અશ્વિની કુમારે રાજીનામુ આપ્યાના એક દિવસ બાદ વડાપ્રધાન મનમોહનસિંહે રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીને એક ભલામણ મોકલાવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે તૃણમૂલ કોંગ્રેસના નેતા મુકુલ રોયે રેલવે મંત્રી તરીકે અગાઉ રાજીનામુ આપતા સીપી જોષીએ રેલવે મંત્રાલય સંભાળ્યુ હતુ. હાલમાં ભલે પ્રધાનોના વિભાગોમાં આ નાના ફેરફાર કરવામાં આવ્યા છે પરંતુ એવું મનાય છે કે ડીએમકેએ સરકાર છોડ્યા બાદ ખાલી પડેલા મંત્રાલયો ભરવા માટે ટૂંક સમયમાં કેબિનેટની પુનઃરચના કરવામાં આવશે.

તુર્કસ્તાનમાં શ્રેણીબદ્ધ કાર બોમ્બ વિસ્ફોટમાં ૧૩ના મોત

ઈસ્તનબુલ,તા. ૧૧

સિરિયાની સરહદ નજીક તુર્કસ્તાનના એક શહેરમાં શ્રેણીબદ્ધ થયેલા કાર બોમ્બ વિસ્ફોટનો મૃત્યુઆંક વધીને ૧૩ સુધી પહોંચ્યો છે અને ૨૨ વ્યક્તિઓ ઘાયલ થઈ હોવાનું જાણવા મળે છે. રેયહાન્લી શહેરમાં થયેલા શ્રેણીબદ્ધ કાર બોમ્બ વિસ્ફોટ બાદ મંત્રી મુઅમ્મરગુલેરે જણાવ્યું હતુ કે શરૂઆતમાં આ બનાવમાં ચાર વ્યક્તિના મોત થયા હતા અને ૧૮ ઘાયલ થયા હતા પરંતુ હવે મૃત્યુઆંક ૧૩ પર પહોંચ્યો છે અને ઘાયલોની સંખ્યા વધીને ૨૨ થઈ છે. સિરિયાની સરહદ નજીક આવેલા રેયહાન્લી શહેરમાં ટાઉન હોલ નજીક ચાર કાર બોમ્બ ધડાકા થયા હતા. બોમ્બ ધડાકા પાછળનું કારણ હજુ સુધી જાણવા મળ્યુ નથી. ઘાયલોની મદદ માટે ઘટનાસ્થળે સંખ્યાબંધ એમ્બુલન્સો પહોંચી ગઈ હતી અને ટાઉન હોલને ભારે નુકસાન થયુ છે. ૬૦૦૦૦ની વસ્તી ધરાવતું રેયહાન્લી શહેર સિરિયાની સરહદથી ખૂબજ નજીક આવ્યું છે અને તે સિરિયાના બાબઅલહવા બોર્ડર પોસ્ટની બરાબર સામેની દિશામાં આવ્યું છે. સિરિયામાં ચાલી રહેલા તોફાનોના પગલે સરહદી વિસ્તારમાં અવારનવાર બોમ્બ વિસ્ફોટો થાય છે.

કોલકાતા અને બેંગ્લોર વચ્ચે પ્રથમ મેચ

આઈપીએલમાં આજે બે મેચોની રોમાંચકતા રહેશે

રાચી,તા. ૧૧

હાઈપ્રોફાઈલ ઈન્ડિયન પ્રીમીયર લીગમાં રવિવારના દિવસે ક્રિકેટ ચાહકોને બે રોમાંચક મેચોની મજા માણવા મળશે. પ્રથમ મેચ કોલકાતા નાઈટ રાઈડર્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વચ્ચે રમાશે. આ મેચનું પ્રસારણ સાંજે ચાર વાગ્યાથી કરવામાં આવશે. જ્યારે બીજી મેચ રાજસ્થાન રોયલ્સ અને ચેન્નાઈ સુપર કિંગ્સ વચ્ચે રમાશે. આ મેચનું પ્રસારણ રાત્રે ૮ વાગ્યાથી કરવામાં આવશે. જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમ ખાતે રમાનારી રાજસ્થાન અને ચેન્નાઈ વચ્ચેની મેચ હજુ સુધીની સૌથી રોમાંચક ચૈકીની એક મેચ બની રહે તેવી શક્યતા છે. કારણ કે બંને ટીમો પોઈન્ટ ટેબલમાં પ્રથમ અને બીજા સ્થાને છે. એકબાજુ ચેન્નાઈ સુપર કિંગ્સ ૧૦માં જીત સાથે ૨૦ પોઈન્ટ ધરાવે છે. જ્યારે રાજસ્થાન રોયલ્સ ૧૩માં નવ જીત સાથે ૧૮ પોઈન્ટ ધરાવે છે. આવી સ્થિતિમાં આ મેચમાં બંને ટીમોના કેપ્ટનની કસોટી થશે. એકબાજુ રાહુલ દ્રવિડ પોતાના વિશાળ અનુભવના આધારે પોતાની ટીમને જીત અપાવવા મેદાનમાં ઉતરશે. જ્યારે બીજી બાજુ ધોની પોતાની ટીમને યોગ્ય માર્ગદર્શન સાથે મેદાનમાં ઉતરશે. રાહુલ દ્રવિડની ટીમમાં પણ રહાણે, સ્ટુઅર્ટ બિન્ની, ફોલ્કનર, સંજુ સેમસોન, શેન વોટ્સન, સચીન બેબી સારા ફોર્મમાં ચાલી રહ્યા છે તે જોતા આ ટીમ પણ ચેન્નાઈને જોરદાર ટક્કર આપી શકે છે. બીજી બાજુ ચેન્નાઈમાં હસ્સી, ધોની, રૈના ઉપર મુખ્ય નજર રહેશે. બીજી મેચ કોલકાતા અને બેંગ્લોર વચ્ચે રમાશે જેમાં બેંગ્લોર હોટ ફેવરિટ તરીકે છે. બેંગ્લોર ૧૩ મેચમાં ૧૬ પોઈન્ટ ધરાવે છે. આ મેચ માત્ર ઔપચારિકતા સમાન હોઈ શકે છે. કારણ કે કોલકાતા નાઈટ રાઈડર્સ પહેલાથી જ સ્પર્ધામાંથી બહાર નીકળી ગઈ છે. ક્રિસ ગેઈલ, વિરાટ કોહલી જેવા ખેલાડીઓ પોતાની ટીમને જીત અપાવીને ૧૮ પોઈન્ટ સાથે સ્પર્ધામાં વધુ મજબૂત સ્થિતિમાં આવા પ્રયાસ કરશે. પ્રથમ મેચનું પ્રસારણ ચાર વાગ્યાથી મેક્સ પર કરવામાં આવનાર છે. જો કે ખરાખરીનો જંગ રાજસ્થાન અને ચેન્નાઈ વચ્ચે થશે. જેમાં શ્રેષ્ઠ ટીમ વિજેતા થશે. તેવો દાવો નિષ્ણાંતો કરી રહ્યા છે.

આજે વિશ્વ પ્રવાસી પક્ષી દિન (પાના નં. ૪ નું ચાલુ)

૧૪ વર્ષના નિરિક્ષણમાં કદી વિલંબ થયેલો જણાયેલ નથી. દરિયાઈ પક્ષીઓને તો ખરાબ હવામાન પણ નથી નડતું તેથી તે વધુ નિયમિત હોય છે. બધા જ પક્ષીઓ દર વર્ષે સીધી લીટીમાં જ પ્રવાસ નથી કરતા તેઓ સેંકડો માઈલ પૂર્વ પશ્ચિમ થઈને પણ જાય તો પણ તેમનાં નિયત સ્થાને જ હોંચે છે. બધા પ્રવાસી પક્ષીઓ એક સમયે ભેગા નથી આવતા. વધુમાં વધુ પક્ષીઓ ઓકટોબર-નવેમ્બરમાં આવી પહોંચે છે. એવું પણ સાબિત થયું છે કે હવામાનની અસર નહીં પણ દિવસ રાતની લંબાઈમાં વધઘટ ઋતુપ્રવાસની પ્રેરણા આપે છે. બચ્ચાં મા બાપના માર્ગદર્શન વિના પ્રવાસ કરે છે અને યોગ્ય સ્થાને પહોંચે છે. કેટલાક બળવાન પક્ષીઓ ક્યાંય વિરામ કર્યા વિના મહાસાગર ઓળંગી જાય છે. ધ્રવપ્રદેશની વા બગલી ઉત્તર ધ્રુવ પ્રદેશમાં શિયાળો હોય ત્યારે દ. ધ્રુવ પ્રદેશમાં જાય છે. આમ, વર્ષમાં કંઈ નહીં તો ૧૦-૧૦ હજાર માઈલનો પ્રવાસ કરે છે. બે માસની પ્રજનન ઋતુ માટે વીસથી બાવીસ હજાર માઈલનો પ્રવાસ!! આપણને સવાલ થાય કે પ્રવાસી પક્ષીઓ પોતાનો રસ્તો કેવી રીતે શોધી છે? પક્ષીઓ દિવસે સૂર્યનાસ્થાન પરથી અને રાતે તારાઓનાં સ્થાન પરથી પોતાનો રસ્તો નક્કી કરે છે. જો વાદળાને લીધે દિવસે સૂર્ય કે રાતે તારા ન દેખાય તો પક્ષીઓ પોતાનો માર્ગ ચુકી જાય છે. પ્રવાસીઓના ટચુકડા મગજમાં દિશા શોધનની જાયરોસ્કોપ જેવી કુદરતે દીધેલી રચનાને લીધે આમ શકય બને છે.

પ્રવાસી પંખીઓ અને ગુજરાતના સંબંધની વાત કરીએ તો ગુજરાત પક્ષી પ્રવાસની દૃષ્ટિએ ઘણું મહત્વનું સ્થાન ધરાવે છે. ગુજરાત તેમાં પણ કચ્છ અને સૌરાષ્